# રિમોટથી ગુજરાત સરકાર ચાલી રહી છે : રાહુલ

## ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસના બીજા દિવસે મોદી સરકાર ઉપર રાહુલના પ્રહારો : સરકારે પાટીદારો પર ગોળી ચલાવી છે, તે તેઓ ભૂલશે નહી : રાહુલ





અમદાવાદ,તા. ૨૬

ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસના બીજા દિવસે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કેન્દ્ર ઉપરઆકરા પ્રહારો કર્યા હતા. સૌરાષ્ટ્ર ઝોનના બીજા દિવસના ચૂંટણીપ્રચાર દરમ્યાન રાહુલ ગાંધીએ આજે જામનગરના ધ્રોલ ખાતે જાહેરસભાને સંબોધન દરમ્યાન ભાજપ અને મોદી સરકારને જીએસટી અને નોટબંધીના મુદ્દે આડાહાથે લીધા હતા અને તેમની પર તીખા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીનું પાટીદારોએ પણ ભવ્ય સ્વાગત કરી તેમની મુલાકાતને વધાવતાં રાહુલ ગાંધીએ પાટીદારોના મુદ્દે ભાજપ સરકાર પર ચાબખા મારતાં જણાવ્યું કે, ભાજપ સરકારે પાટીદારો પર ગોળીઓ ચલાવી છે, તે પાટીદારો કયારેય ભૂલશે નહી. પાટીદારો પર ભાજપ સરકારે ભારે અત્યાચાર અને જુલમ કર્યા છે. કોંગ્રેસે કયારેય અત્યાચાર અને જુલમની રાજનીતિ કરી નથી. કોંગ્રેસે હંમેશા પ્રેમ અને મિલનસાર સ્વભાવની રાજનીતિ અપનાવી છે. રાહુલ ગાંધીએ મોદી સરકાર પર ફરી જોરદાર પ્રહારો કરતાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મનસ્વી રીતે નોટબંધીનો નિર્ણય લઇ દેશને ભયંકર નુકસાન પહોંચાડયુ છે, તેમના આ નિર્ણયથી સામાન્ય જનતાનો મરો થઇ ગયો. એટલુ ઓછું હોય તેમ મોદી સરકારે જીએસટીનો માર ઝીંકયો, જેના કારણે ગરીબો, ખેડૂતો, નાના વેપારીઓ અને લઘુ ઉદ્યોગને મરણતોલ ફટકો વાગ્યો છે. મોદીજીનું ગુજરાત મોડેલ ફેલ ગયુ છે. પ્રજા હવે ગુજરાતનું જૂનુ મોડેલ ઇચ્છી રહી છે. ગુજરાતની હાલની ભાજપ સરકાર દિલ્હીથી મોદીજીના ઇશારે ચાલે છે અને તે રિમોટવાળી સરકાર છે પરંતુ જો કોંગ્રેસની સરકાર આવશે તો, તે ગુજરાતના લોકોની ખુદની સરકાર હશે અને તે પ્રજા જાતે ચલાવશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, મોદી સરકાર એ તેમના માનીતા ઉદ્યોગપતિઓની સરકાર છે. મોદી સરકાર ગરીબો, ખેડૂતો અને યુવાઓને કરેલા વાયદા કે વચનો પૂરા કરતી નથી પરંતુ તેમના ઉદ્યોગપતિઓને કરેલા વચનો તાત્કાલિક પૂરા કરી દે છે. મોદી સરકાર અને ભાજપના શાસનમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો કે વીજળી-પાણી મળતા નથી ને બીજીબાજુ, ઉદ્યોગપતિઓને માંગ્યા મુજબની વીજળી-પાણી અને જમીનો ફાળવાઇ જાય છે. રાહુલે મોદી સરકાર પર કટાક્ષ કર્યો હતો કે, અમને મોદીજીની જેમ માર્કેટીંગ કરતાં નથી આવડતું તે કોંગ્રેસની નબળાઇ છે. કોંગ્રેસ કામ કરવામાં માને છે, તેને માર્કેટીંગ કરતાં નથી આવડતું. કોંગ્રેસે કયારેય માર્કેટીંગ કર્યુ નથી. સૌરાષ્ટ્ર ઝોનના ચૂંટણીપ્રચારના બીજા દિવસે રાહુલ ગાંધી ખીજડીયા બાયપાસ થઇ રામપર પાટિયા, ધ્રોલ પહોંચ્યા હતા અને ત્યાં જાહેરસભા સંબોધી હતી. ત્યાંથી લતીપુર,ઓટાળ થઇને બપોરે ટંકારા ખાતે આવ્યા હતા અને ટંકારા મહર્ષિ દયાનંદ સરસ્વતી ટ્રસ્ટની મુલાકાત લીધા બાદ ટંકારા-રાજકોટ હાઇવ પર જાહેરસભા અને ખેડૂતો સાથે સંવાદનો કાર્યક્રમ યોજયો હતો. ટંકારાથી મીતાણા થઇ તેઓ વાંકાનેર પહોંચ્યા હતા અને પીપળીયા રાજમાં દૂધઉત્પાદકો સાથે અને તીથવા, અમરસર ખાતે સહકારી આગેવાનો સાથે ચર્ચા-મીટીંગ કરી હતી. આવતીકાલે રાહુલ ગાંધી જસદણમાં પહોંચવાના છે, જયાં આટકોટ રોડ પર વિશાળ જાહેરસભા યોજી લોકો સાથે સીધો સંવાદ યોજશે. આ પહેલાં રાહુલ ગાંધી ચોટીલા ખાતે મા ચામુંડાના દર્શનાર્થે જશે અને સાંજે કાગવડ ખાતે પાટીદારોના ખોડલધામના દર્શનાર્થે જશે.

## ચિલોડા-ડભોડા માર્ગ પરના દબાણો હટાવી તાર ફેન્સીંગથી વનીકરણ હાથ ધરાશે

### છેલ્લા ત્રણ દિવસથી દબાણ હટાવવાની ઝુંબેશ યથાવત

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના પંચાયત દ્વારા ચિલોડા જંકશન મથક ચિલોડા-દહેગામ જવાના માર્ગની આસપાસના ગેરકાયદેસર દબાણો હટાવી પાછા ત્યાં દબાણો ન થાય તે માટે ખાસ યોજના કાર્યરત થઈ રહી છે. વર્ષો જૂના દબાણો ચિલોડા વિસ્તારમાં માથાના દુખાવારૂપ સાબિત થયા છે. ચિલોડા સર્કલથી ગામનો મુખ્ય એપ્રોચરોડ, દહેગામ જવાનો માર્ગ, હિંમતનગર-ચિલોડા બસ સેન્ડ, અમદાવાદ જવાના માર્ગ પરના સરકારી, ગૌચર, ગામતળની જમીન પડતર જમીન પર વર્ષો જૂના કાચા-પાકા બાંધકામના દબાણોથી રાહદારીઓ તથા વાહનચાલકોને પસાર થવું મુશ્કેલ બન્યું છે. આ દબાણકારો વર્ષોથી ગેરકાયદેસર દબાણ કરી અડિંગો જમાવી રહ્યા છે. સૌ નાગરિકો આવી ગેરકાયદેસર દબાણ પ્રવૃત્તિ અટકે અને સત્વરે દૂર થાય તેવી તીવ્ર માંગ પ્રવર્તી રહી છે. ત્યારે ચિલોડા-દહેગામ જવાના મુખ્ય માર્ગ નજીક જિલ્લા તથા તાલુકા વહીવટીતંત્ર દ્વારા ત્રણ દિવસથી જેસીબી તથા ટ્રેક્ટરો દ્વારા દબાણો દૂર કરવાની ઝુંબેશ ચલાવી છે. આ દબાણો દૂર કર્યા બાદ તે જગ્યાને હાલ તાર ફેન્સીંગ કરીને વનીકરણ કરીને નંદનવન બનાવવામાં આવશે. આમ દબાણ હટાવવાની ઝુંબેશમાં જાણ કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન ધરાતાં નિરાશા સાંપડી છે. આમ છતાં હાલની દબાણ દૂર કરવાની કાર્યવાહી અંગે લોકોમાં અનેક શંકા-કુશંકાઓના વમળો



ચિલોડા-ડભોડા રોડ સાઈડના ૨૦ વર્ષ જુના દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યુ હતુ. આમ છતાં ચિલોડા-દહેગામ જવાના મુખ્ય માર્ગના વિસ્તારમાં ગેરકાયદેરહ અનેક દબાણોનો રાફડો ફાટ્યો છે. આ દબાણો ગેરકાયદેસર હોવા છતાં કાયદેસર હોય તેવુ લોકોને લાગી રહ્યું છે.

આ દબાણો દૂર કરવા ગામના નાગરિકોએ વિગતવાર વારંવાર ફરિયાદો લાગતાવળગતા સૌ તંત્રને સર્જાયા છે. તાલુકા પંચાયત તથા ગ્રામ પંચાયત તંત્ર ત્રણ દિવસથી એક જ સ્થળે દબાણ દૂર કરવા મોડમાં આવી ગયું છે. તાત્કાલિક તાર ફેન્સીંગ કરી વનીકરણ કાર્યક્રમ હાથ ધરાશે તેવું જણાઈ આવે છે. ચિલોડા વિસ્તારમાં જાહેર શૌચાલયના અભાવે લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે આ સ્થળે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ હેઠળ જાહેર શૌચાલય બને તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

## ગુલાબચંદ પટેલને બાલ સાહિત્ય સન્માન

ગાંધીનગરના હિન્દી-ગુજરાતી કવિ લેખક અને અનુવાદક સાહિત્યકાર ગુલાબચંદ પટેલને રાજકુમાર જૈન ફાઉન્ડેશન અકોલા રાજસ્થાન દ્વારા બાલ સાહિત્ય સર્જન તેમજ સાહિત્યના વિકાસના ક્ષેત્રમાં સેવાઓ માટે રાષ્ટ્રીય કક્ષાએ સન્માનીત કરવામાં આવશે. પુરસ્કાર સંયોજક રાજકુમાર જૈન દ્વારા જણાવવામાં આવ્યુંછે કે ૨૬ નવેમ્બરના રોજ ચિત્તોડગઢમાં યોજાનાર રાષ્ટ્રીય બાલ સન્માન સમારોહમાં ગુલાબચંદ પટેલને શ્રીમતી ઈન્દિરાદેવી સ્મૃતિ બાલ સાહિત્ય સન્માન ૨૦૧૬થી સન્માનવામાં આવશે. સન્માનરૂપે પ્રશસ્તિપત્ર, ખેસ-રોકડ અને બાલ સાહિત્યના પુસ્તકો ભેટ આપવામાં આવશે. વોઈસ ઓફ ગાંધીનગરના તંત્રી બાબુભાઈ મેસરવાલા, સાહિત્ય સભા તેમજ સાહિત્યકારોએ તેમને અભિનંદન પાઠવેલ છે.



## ક્ષય કેન્દ્રના કર્મચારીઓના સ્વચ્છતાના શપથ

મહાત્મા ગાંધી પ્રેરિત સ્વચ્છતાના સંસ્કારને આત્મસાત કરવા વડાપ્રધાન દ્વારા છેડવામાં આવેલા સ્વચ્છતા અભિયાનને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આ અભિયાન અંતર્ગત કોઈ સફાઈ કાર્ય કરી રહ્યુંછે તો કોઈ જીવનમાં સ્વચ્છતા અપનાવવાના નિશ્ચય કરી રહ્યું છે. ગાંધીનગર જિલ્લા આરોગ્યના ક્ષય કેન્દ્રના કર્મચારીઓએ પણ જીવનમાં સ્વચ્છતા પ્રત્યે સભાનતા કેળવી ગંદકી નહી કરવાના તથા સ્વચ્છતા માટે તમામ પ્રયત્નો કરવાના સપથ ગ્રહણ કર્યા હતા.

## ગાંધીનગર જિલ્લાના તલાટી મંડળના પ્રમુખપદે બી.એમ. રબારીની સુર્વોનુમતે નિમણુંક કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પંચાયત ખાતે તાલુકા વિકાસ અધિકારી એ.આર. ડોડિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ પદે તથા રકનપુર ગામના તલાટી તરીકે વયનિવૃત્ત થયેલ મહેન્દ્રસિંહ પી. વિહોલનું સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન કરી તેમની ૩૬ વર્ષની તલાટી તરીકે કરેલી સુંદર કામગીરીને બિરદાવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના તલાટીઓ અને ૨૫ ગામોના સરપંચો ઉપસ્થિત રહ્યાં હતાં. ગાંધીનગર જિલ્લા તલાટી મંડળના પ્રમુખ પદે બળદેવભાઈ એમ. રબારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત રાજય તલાટી મંડળના પ્રમુખ હરીશચંદ્ર વાઘેલા, મહામંત્રી હસમુખ પટેલ, એચ.એમ. સૈયદ, વિજાપુરના તાલુકા વિકાસ અધિકારી વિપુલભાઈ બારોટ, કલોલ તાલુકા તલાટી મંડળના પ્રમુખ નટુભાઈ પી. ચૌધરીએ મહેન્દ્રસિંહ વિહોલની સેવાઓને બિરદાવી હતી.

### આવાસોનો ડ્રો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મકાનોનો ડ્રો કરાશે. જયારે રાયસણમાં એલ આઈ જી ટુ કક્ષાના ૩૯૨ મકાનોનો ડ્રો કરાશે. આ ઉપરાંત અડાલજમાં એલ આઈ જી ટુ ના મકાનોનુ લોકાર્પણ કરાશે. આજના કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ વિધાનસભાના ઉપાધ્યક્ષ સહીત ગુડાના ચેરમેન આશિષ દવે સહીતના પદાધિકારીઓ હાજરી આપશે

### ઠીંગણા જણાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી તે આ વર્ષે ઘટીને ૨.૮૩ ટકા થઈ છે. આ વર્ષે જિલ્લામાં સર્વે દરમ્યાન ૭૨,૭૬૩ બાળકો ઠીંગણા જણાયા છે. અર્થાત તેમનો શારીરિક વિકાસ ઉમંરના પ્રમાણમાં થવો જોઈએ તેટલો નોંધાયો નથી. આ ટકાવારી ૪૬.૧૦ ટકા જેટલી થાય છે જે ગત વર્ષ કરતાં વધારો દર્શાવે છે. જો કે રાજ્યની સરેરાશ જેટલો જ આ આંક જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે કુપોષિત માતાને કારણે બાળકોમાં આનુ પ્રમાણ વધતુ જણાઈ રહ્યુ છે અને એટલે જ તંત્રએ હવે ગર્ભવતી બહેનોને વધુ ને વધુ પોષણ મળી રહે તેવો ખોરાક લે તે માટે ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. એલુ જ નહિ આ વિષયને લઈ મમતા દિવસની ઉજવણીમાં ભાર મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લામાં ગત વર્ષની તુલનામાં બાળકોની સંખ્યા આ વર્ષે વધુ આવરી લેવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

### ગાબડા પુરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરાશે. સેકટરોના આંતરિક માર્ગો તદન કંગાળ હાલતમાં છે. જેના લીધે સેકટરોમાં માર્ગ સલામતી પણ જોખમાઇ છે. સેકટરોમાં માર્ગ વચાળે મોટામસ ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. વાહનચાલકો માર્ગોની આ દશા વચ્ચે અકસ્માતને ભેટે છે. ત્યારે આગામી એકાદ દિવસમાં જ માર્ગોની સુધારણાનુ કામ શરૂ દેવાશે. ત્યારે હાલ સેકટરોમાં માર્ગો પર મોટાગાબડા જોવા મળી રહયા છે. માર્ગો પરના ગાબડા પુરવા માટે તંત્ર દ્વારા આજથી ખાડા પુરવાનુ કામ એજન્સીને સોંપવામાં આવ્યુ છે. એજન્સી દ્વારા માર્ગો પરના ગાબડા પુરવાનુ કામ પુર્ણ કરી દેવાયા બાદ સાથોસાથ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે. સેકટરોમાં હાલ આડેધડ પેવર બ્લોક કરી દેવાતા માર્ગો નિચાણમાં ધકેલાઇ ગયા છે. જેના લીધે વરસાદી પાણીના ભરવાના લીધે માર્ગોનુ અસ્તિત્વ ભુંસાયુ છે. નિચાણમાં ધકેલાયેલા માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતા થોડા ક જ સમયમાં માર્ગોનુ ધોવાણ થાય છે. ત્યારે તંત્ર દ્વારા માર્ગોના રીસરફેસીંગની કામગીરીની સાથે યોગ્ય લેવલીંગનુ કામ હાથ ધરવાની અનિવાર્યતા છે. સે-૩ અને સે-૫ માં માર્ગોની હાલત છેવાડાના ગામ કરતા પણ ખરાબ છે. આવા સંજોગોમાં માર્ગ સુધારણા પાછળ થતા ખર્ચને ધ્યાને લઈ સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા પુર્વે લેવલીંગ થાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જો કે તંત્ર દ્વારા માર્ગો પર ગાબડા પુરવા માટે પુરાણનુ કામ બુધવારથી શરૂ કરી દેવાશે.

### હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમારે ન કરવા પડ્યા હોત..! અને સમાજે આંદોલનો ન કરવા પડ્યા હોત..!! ખરૂ ને..?!''

''સાચું... સાચું.. સો ટકા સાચું..! પ્રશ્નો ઉભા કરી વણસાવવાની અને પછી ઉકેલવાની રાજકીય માનસિકતામાંથી સૌએ બહાર આવવાની જરૂર છે..! એ સત્તા પક્ષ હોય કે વિરોધ પક્ષ હોય..! પક્ષપાતી વલણ છોડીને પારદર્શક શાસન થાય તો દુનિયામાં ડંકો વાગે એમાં બે મત નથી..!!''

- નિમિત્ત માત્ર

### આયોગ રચાશે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠકમાં આયોગ રચવાની દરખાસ્તને મંજૂરી અપાશે. આ ઉપરાંત જીએમડીસી ગ્રાઉન્ડ સહીત અન્ય પોલીસ દમનમાં જવાબદાર પોલીસકર્મીઓ સામે પગલા ભરવા અંગે થયેલ રજુઆત અંગે તપાસ પંચ રચવા માટે પણ કેબીનેટ બેઠકમાં કાલે નિર્ણય લઈ મંજૂરી અપાશે. તેમણે જણાવ્યુ હતું કે અનામત આંદોલન દરમ્યાન થયેલ શહીદોના વારસોને સમાજના અગ્રણીઓ જે રકમ નક્કી કરશે તે રકમ સમાજ દ્વારા આપવામાં આવશે તેમજ તે પરીવારના એક વ્યક્તિને સરકારી ક્ષેત્રમાં નોકરી આપવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે.

### સરહદ પર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરીને ગોળીબાર પણ કરવામાં આવી રહ્યો છે. આ અગાઉ ગયા વર્ષે પણ પાકિસ્તાની બેટ ટીમના સભ્યોએ એલઓસી સાથે જોડાયેલા પુંચ જિલ્લાના કેજી સેક્ટરમાં ગોળીબાર કર્યો હતો. ભારતીય હવાઈ દળના વડા બીપીન રાવતે કહ્યું છે કે, પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા ગોળીબારનો જવાબ આપવા તથા તેમના ઘુસણખોરીના પ્રયાસને નિષ્ફળ કરવા તમામ પ્રયાસો કરાઈ રહ્યા છે. અંકુશરેખા ઉપર પુરતી સાવધાની રાખવામાં આવી રહી છે. જો ત્રાસવાદીઓ ઘુસણખોરી કરવાના પ્રયાસ કરશે તો તેમને મોતને ઘાટ ઉતારી દેવામાં આવશે. ત્રાસવાદીઓ દ્વારા સતત હુમલા કરવામાં આવી રહ્યા છે.

